# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૫ • તા.૯ નવેમ્બર થી ૧૫ નવેમ્બર ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member



SHUBH
DIAMONDS


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-


પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


જ્ઞાતિમૈયા હવે નેટ પર....


http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

સંપાદક સ્થાનેથી

# ચિંતા ચિતા સમાન

આધિ વ્યાધિ અને ઉપાધિ બધાને એક અથવા બીજા પ્રકારે સતાવે છે. ચિંતા તો જણ માત્રને પીડે છે, ચિંતા કોને નથી? એવી વ્યક્તિ કે એવો નફિકરો ઈન્સાન શોધવો મુશ્કેલ થઈ પડે એવું છે. પણ તેનો બોજ લઈ ફર્યા કરવાથી કંઈ વળવાનું નથી. ચિંતા એ એવી ઉધઈ છે જે સતત માંહ્યલાને ખોતરી ખોતરી ખોખલું કરી નાખે છે. મન, મગજ અને આત્મા ત્રણેયને અંદરથી કોતરીને ગુફા જેવા વિકરાળ, બિહામણા બનાવી દે છે. મોટા ભાગની ચિંતા એ બિનજરૂરી, નાહકની અને સ્વભાવગત ડર, ભય કે ભીતિથી થતી હોય છે. જેને મક્કમ મનથી ટાળી શકાય છે.

માણસને જેટલી વર્તમાનની ચિંતા નથી એટલી ફિકર ભવિષ્ય માટેની છે. સ્વાર્થ, ભય, લોભ અને લાલસાના કારણે ચિંતા ઉત્પન્ન થાય છે. ભૂતકાળમાં કરેલી ભૂલોને સ્મરી, ભવિષ્યમાં મારું શું થશે? તેની કલ્પના માત્રથી ચિંતાનો ફડફડાટ પેસી જાય છે. જીવનરૂપી સાગરમાં ભરતી અને ઓટ, તોફાન અને ઉછાળા આવતા રહે છે. જીવનમાં દુ:ખ, મુશ્કેલી અને આફતો આવ્યા કરે છે. કોઈ કાયમી સુખી કે દુ:ખી રહેતું નથી. આ એક એવું ચક્ર છે જે સદાય ફરતું રહે છે. સમય ચક્રમાં ફરતાં ફરતાં આપણે પણ ક્યારેક ઊંચા, તો ક્યારે નીચા રહી જઈએ છીએ. આ ઉન્નતિ અને અધોગતિની રમત જે ને ગણકારીએ તો તન, મન અને તંદુરસ્તીને કંઈ અસર થતી નથી.

ઘણીવાર દુ:ખ અને આપતિ આવ્યાની પહેલાં ભયથી માણસ ઢીલો પડી જાય છે. ખોટી ચિંતાથી જીવ બાળ્યા કરવાનો કંઈ મતલબ નથી. દુ:ખને વાગોળ્યાં કરવાથી એ વધતું રહેવાનું છે. પડશે એવા દેવાશેની નીતિ રાખનાર ખરાબ સમયને પણ સુખરૂપ લાંઘી શકે છે.

મોટા ભાગના દુ:ખો પોતાના મનની સર્જન પ્રક્રિયાથી પેદા થાય છે. દરેક પ્રશ્નનું નિરાકરણ શાંતિ ધીરજતા અને મક્કમતાથી થાય છે. ધૈર્ય હિંમત અને ડહાપણના ત્રિશૂળ શસ્ત્રથી જ તેનો ખાતમો થઈ શકે છે. આપણે કરેલી ભૂલોમાંથી પાઠ ગ્રહણ કરી શીખને સમજણ લઈએ તો દરેક મુસીબત કે ચિંતાનો સરળતાથી રસ્તો નીકળી શકે છે.

આપણી સમસ્યાનો ઉકેલ અન્ય પાસે માંગવાનો અર્થ નથી. ગામને મોંઢે ઢાંકણું રહેવાનું નથી અન્ય એકને પણ થયેલી જાણ ભવિષ્યમાં અનેકને થવાની છે એ સમજીને કોઈને આપણી વાતથી અવગત કરાવવું. આજને નજર સમક્ષ રાખી એતો ભવિષ્યની બિલકુલ ચિંતા કે ફિકર રહેવાની નથી. કેટલીક વખતે ઠોકર ખાવાથી પણ સભાનતા અને સજાગતા આવે છે. કંઈ ગુમાવવાથી જ નવું પ્રાપ્ત થાય છે. બીજ જમીનમાં દટાઈ પોતાનું અસ્તિત્વ ઓગાળે છે. ત્યારે જ વટવૃક્ષનું સર્જન થાય છે.

મોટા પ્રકારે ચિંતા ધનસંપત્તિ વારસાને લગતી હોય છે. સગા સંબંધીઓ કે વ્યવહારને લગતી હોય છે. ચિંતા કોઈપણ પ્રકારની હોય, નાની કે મોટી એ જીવ માટે ચિંતા પ્રગટાવવા જેવી છે. ચિંતા જેમ નશ્વર શરીરને ખાખ કરે છે. તેવી જ રીતે ચિંતા જીવતે જીવ માનવ મનખાને ક્રમશ રીતે રાખ કરીનાખે છે. માટે જ કહેવાયું છે. ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપબલ, જ્ઞાન, ચિંતા બડી અભાગણ ચિંતા ચિતા સમાન.

– જય જ્ઞાતિમૈયા

# પ્રારબ્ધ સાથે પુરૂષાર્થનો મેળ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દરેક વ્યક્તિ સફળ થવાની ઈચ્છા ધરાવે છે. તેની ઈચ્છા હોય છે કે તે જે ક્ષેત્રમાં છે તેમાં અવલ રહે. ટોચ પર રહે અને સદાય શિખર પર બિરાજમાન રહે. એક સફળ વ્યક્તિ તરીકે સમાજમાં, દેશમાં ઓળખાય એવી તેની કામના હોય છે. સફળતા માત્ર વિચાર કરવાથી કે સ્વપ્ન જોવાથી નથી મળતી. દિવા સ્વપ્ન નિરખવાથી ટોચ પર નથી જવાતું. સફળ થવાની પ્રથમ ચાવી છે સખત પ્રયત્ન. કોઈપણ કાર્યમાં સફળ થવા માટે પ્રથમ પ્રયત્ન કરવો પડે. તે માટે જરૂર છે એક કદમ મક્કમ બનીને ઉઠાવવાની. ઘોર અંધારી રાત હોય અને અજાણી વાટ પર આગળ વધવાનું હોય તો હર કોઈ હિંમત હારી જાય એ સહેજ છે. પણ એક એક ડગલું મૂકતા જઈએ તો લાંબી ડગરનો પથ એક એક ડગ ઓછું થતું જાય છે. એક પગ જો મક્કમતાથી મૂકી શકીએ તો બીજો પગ મૂકવા માટે રસ્તો મળી જાય છે. ત્યારબાદ તો એક પછી એક ડગલું મંઝિલ તરફ દોરી જાય છે.

જ્યારે એક ગાડી સો કે હજાર કિલોમીટર લાંબે પ્રવાસે જાય છે ત્યારે હેડ લાઈટ અમુક અંતર સુધી જ રસ્તો બતાડી શકવા સમર્થ હોય છે. પાંચ, દસ, પંદર મીટર સુધી તેથી થોડા વધુ સુધી પ્રકાશનો અજવાળું હોય પણ જેમ ગાડી આગળ ધપે તેમ તેમ વધુ આગળનું અંતર પ્રકાશમય થતું જાય છે. આમ કિલોમીટરનો પંથ સહેલાઈથી કપાતો હોય છે. ડ્રાઈવરને વિશ્વાસ હોય છે કે આટલા પ્રકાશથી પણ લાંબુ અંતર જરૂર કપાઈ જશે. આ માનવું એ ઈશ્વરમાં કે પ્રાર્થનામાં ને પ્રયત્નોમાં વિશ્વાસ દર્શાવે છે.

આપણને શ્રધ્ધા છે કે પ્રાર્થનમાં અદ્‌ભૂત શક્તિ છે. પ્રભુને પામવા પ્રાર્થનાનો સહારો હોય છે. પ્રાર્થના સાથે પ્રયત્ન, મહેનત કરવી ખૂબ જરૂરી છે. પ્રાર્થના અને પ્રયત્ન, પ્રારબ્ધ સંગે પુરૂષાર્થનો મેળથી જરૂર અઢળક રસ્તાઓ ખુલા થઈ જાય છે. ઈશ્વર આપણા માટે અનેક દ્વાર ખોલી દે છે. ઈશ્વર ક્યારેય બીજો દરવાજે ખોલ્યા વગર પ્રથમ દરવાજો બંધ કરતો નથી. રસ્તે ચાલતા વ્યક્તિને ઠોકર લાગે ત્યારે જો હિંમત હારીને તે પાછો વળી જાય એ હાર માનવા જેવું છે. નાનો બાળક ઘસડતા ઘસડતા પછી ચાલવાનો પ્રયત્ન કરતા પડે છે, આખડે છે છતાં ગમે તે રીતે ચાલતો થાય છે. આ અડગ ધ્યેય વ્યક્તિએ પણ સામે રાખવું જોઈએ અને અનેક પડકારોને લાંઘી મંઝિલે પહોંચવું જોઈએ. હાર માન્યા વગર સખત મહેનત દ્વારા સફળતા જરૂર પ્રાપ્ત કરી શકાય છે.

જીવનમાં ઘણા પ્રયત્નો, પુરૂષાર્થની પરાકાષ્ટા કરવા છતાં પણ સફળતા મેળવવામાં મુશ્કેલી લાગે તો મનથી નક્કી કરવું કે હજી એક પ્રયત્ન કરી જોઉં શું ખબર આ પ્રયાસ આખરી બને. પ્રારબ્ધના ભરોસે રહી પુરૂષાર્થ કરવાનું અટકી જવું ન જોઈએ. પ્રારબ્ધની પ્રાર્થના અને પુરૂષાર્થના પ્રયત્નની જોડીને લીધે સફળતા ચોક્કસ મળે જ છે એ નક્કી છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દિપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ રવિવાર, તા.૩ નવેમ્બરના સવારે ૧૦ કલાકે શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હાલમાં રાખવામાં આવેલ છે. મુખ્ય અતિથિ રૂપે શ્રીતરૂણ શીવજી લોડાયા અને વિશિષ્ટ અતિથિ રૂપે શ્રી ચંદ્રકાંત મેઘજી મોતા (ભિલાઈ-લાલા) હતા સાથે મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, સચિવ શ્રી કિશોર મેઘજી મોતા, સહસચિવ શ્રી હિતેશ શરદ મોમાયા,





# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ

















કોષાધ્યક્ષ શ્રી હરીશ શીવજી લોડાયા, શ્રી કુંથુનાથ મહિલા મંડળના પ્રમુખ સૌ.કલ્પના ચેતક શાહ, સચિવ સૌ.ડિમ્પલ જયેશ નાગડા, યુવા મંડળના ઉપાધ્યક્ષ સૌ.દીપા નયન છેડા મંચ પર વિરાજમાન હતા. સર્વપ્રથમ મંગલાચરણ (શ્રી નવકાર મહામંત્ર) બાદ દીપ પ્રાગટ્ય, શ્રી કુંથુનાથ દાદા, શ્રી મહાકાલી માતાજી અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથા જી ફોટો પર માલ્યાપર્ણ અતિથિઓ દ્વારા કરવામાં આવેલ અને નૂતન વર્ષાભિનંદન અને દીપાવલીની શુભેચ્છા આપેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ











ત્યારબાદ ડૉ.જુલી દોશી ત્રિપાઢી દ્વારા આજના વ્યસ્ત જીવનમાં ફિજિયોથેરેપી અન્ય અન્ય માધ્યમથી વગર દવાઈઓના સ્વસ્થ થવા માટે માર્ગદર્શન અને સમાધાન કરેલ જેની હાજર રહેલ સર્વે જ્ઞાતિજનોએ ખૂબ ખૂબ અનુમદનો કરેલ અને કરતલ ધ્વનિથી એમનું સ્વાગત કરેલ અને એમનું મોમેન્ટો શાલ શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમમાં વિશેષરૂપે શ્રી વિપિન જેઠાલાલ લોડાયા (જખૌ-પૂના) પધારેલ એમને મંચ પર આમંત્રિત કરી. મહાજનવતીથી શાલ શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ તથા એમના હસ્તે ઈનામ દેવામાં આવેલ ત્યારબાદ વિશેષ સમ્માનમાં આ વર્ષે આપણી જ્ઞાતિના

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ






















સમ્માનીય શિક્ષક/શિક્ષિકાઓનું બહુમાન કરવામાં આવેલ. ૧) સૌ.અનુપમા વિપિન વિક્રમશી (રાણપર-રાયપુર) ૨) સૌ.પ્રીતિ યશંવત છેડા (નલિયા-ભાટાપારા) ૩) સૌ.ટીના કપિલ મૈશેરી (બાંઢિયા-રાયપુર) ૪) સૌ.ભીષ્મા તુષાર શાહ (જખૌ-ધમતરી) ૫) શ્રી નિખિલ ભરતભાઈ નાગડા (નલિયા-રાયપુર) ૬) સૌ.વીટા દીપેશ શાહ (જખૌ-રાયપુર) ૭) સૌ.ગરિમા વિકાસ શાહ (રાયપુર) તથા શ્રી ધવલ મહેન્દ્ર લોડાયા-શાહ (તેરા-રાયપુર)ને ચેરમેન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ચાર્ટેડ એકાઉન્ટેટ ઓફ ઈન્ડિયા મેમ્બર સ્ટેટ લેવલ કોઓર્ડીનેશન કમિટી રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તથા ચિ. ઉન્નતિ ચેતન

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ


















નાગડા-ખિરકીયાને C.A. બનવા બદલ મોમેન્ટો, શાલ અને શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ વિશેષ સમ્માનની આગળની કડીમાં માતુશ્રી ધનબાઈ પ્રેમજી શાહ પરિવાર (મોટી સિંધોડી-સાયન) દ્વારા શ્રી છ.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા સંચાલિત શિક્ષા સહાય યોજનાનું વિધિવત નામકરણનું બેનર 'પ્રેમધન ફાઉન્ડેશન શિક્ષા સહાય યોજનાનું લાભાર્થી પરિવારના સભ્યોના હસ્તે કરવામાં આવેલ એમનું મોમેન્ટો, શાલ, શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ. ગીતાબેન હરીશ શાહ મેડિકલ સહાય યોજનાના સ્વર્ણદાતા પરિવારનું માતુશ્રી ધનબાઈ પ્રેમજી શાહ પરિવાર હસ્તે સૌ.તેજલબેન

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ

















રાજેશભાઈ શાહ (મોટી સિંધોડી-સાયન), સૌ.દેવયાનીબેન નરેન્દ્રભાઈ જૈન પરિવાર રાજપિપણાવાણા (જખૌ-દુબઈ) અને રજતદાતા પરિવાર માતુશ્રી વેલબાઈ મેઘજી ધરમશી પરિવાર (સુથરી-ભાટાપારા) હસ્તે શ્રી ખીમજી નેમશી મોતા પરિવાર (વારાપધર-ભાટાપારા)નું બહુમાન મોમેન્ટો, શાલ અને શ્રીફળથી કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી સરસ્વતી સમ્માનમાં આ વર્ષે પાસ થયેલ સર્વે વિદ્યાર્થીઓને પારિતોષિક, સર્ટિફિકેટ આપવામાં આવેલ યુવા મંડળ દ્વારા શરદ પૂર્ણિમાના અવસરે આયોજિત છાબ સજાવટ પ્રતિયોગિતામાં પ્રથમ સૌ.નિધિ જિનેશ ખોના, દ્વિતીય સૌ.ગીતા દીપેશ

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ



















લાલકા અને સૌ.હેતલ ગીત શાહ, તૃતીય સૌ.ધારા જિગર ખોના તથા વિશેષ પુરસ્કાર ચિ.કાવ્યા જયેશ નાગડા તથા સર્વે પ્રતિયોગિતાઓને સાંત્વના પુરસ્કાર અને ફટાકડા ન ફોડવા બદલ સુપર બોય, સુપરગર્લને પુરસ્કાર આપવામાં આવેલ.

સંપૂર્ણ કાર્યક્રમનું ખૂબજ સરસ સંચાલન શ્રી હિતેશ શરદભાઈ મોમાયાએ કરેલ. શ્રી હરીશ શીવજીભાઈ લોડાયાએ આભાર પ્રદર્શન કરેલ. બાદ સર્વે એ સ્નેહભોજનને ન્યાય આવી છુટા પડેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન-વિદ્યાર્થી અભિનંદન વિશિષ્ટ સમ્માન સમારોહ

















# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા માંગલિક દ્વારઉદ્‌ઘાટન



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરના શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ)માં દર વર્ષ પ્રમાણે આ વર્ષે પણ નૂતન વર્ષ કારતક સુદ ૧ તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના સવારે ૫.૩૨ કલાકે જિનાલય દ્વારઉદ્‌ઘાટન અને શ્રી ગૌતમસ્વામીજીનું રાસવાંચન કરવામાં આવેલ. આ વર્ષના માંગલિક દ્વારઉદ્‌ઘાટનના લાભાર્થી શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર હતા.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રી હિરાલાલ હંસરાજ ડાઘા (વરાડિયા-અબડાસા-કચ્છ)**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

## અગત્યની સૂચના ચૂંટણી યોજવા બાબતની જાહેરાત

મુંબઈ મહાજન દ્વારા વ્યવસ્થાપક સમિતિના ૪૪ સભ્યો તથા શ્રી ક.દ.ઓ.જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ ઉપરના મહાજન શ્રીના એક પ્રતિનિધિ ટ્રસ્ટીની **તા.૧/૪/૨૦૨૫ થી તા.૩૧/૩/૨૦૩૦ સુધીના ૫ વર્ષ ના સમય માટેની ચૂંટણી રવિવાર તા ૨૨/૧૨/૨૦૨૪** ના દિવસે રાખવામાં આવી છે.

**૧) મહાજન શ્રી ના વર્તમાન બંધારણ તથા તેના પરિશિષ્ટ ૫ મુજબ ચૂંટણી યોજાશે.**

**૨) તા.૨ નવેમ્બર ૨૦૨૪ થી ૨૨ નવેમ્બર ૨૦૨૪ સુધી મહાજન શ્રી ના સભ્યપત્રકમાં પોતાનું નામ નોંધાવવા તથા જરૂરી સુધારા-વધારા કરવા માટે મહાજન શ્રી ના કાર્યાલય મા સભ્યપત્રક ખુલ્લુ રહેશે(સમય સવાર ના ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી)ત્યારબાદ ૨૩ નવેમ્બરથી ચુટણી પૂર્ણ થયા સુધી સભ્યપત્રક બંધ રહેશે.**

**૩) તા.૭ નવેમ્બર ૨૦૨૪ (બુધવાર)ના ઉમેદવારી નોધાવવાનું ઉમેદવારીપત્રક રૂા.૨૫/-ના કિંમતે મહાજનશ્રીના કાર્યાલયથી મળશે**

**૪) તા.૨૨ નવેમ્બર ૨૦૨૪ (શુક્રવાર)ના સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારીપત્રક ભરી શકાશે**

**૫) માન્ય રહેલ ઉમેદવારના નામ શનિવાર તા. ૩૦/૧૧/૨૦૨૪ ના નોટીસબોર્ડ ઉપર લગાડવામાં આવશે.**

**૬) તા. ૩ ડિસેમ્બર ૨૦૨૪ (સોમવાર)ના સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે**

**૭) ઉમેદવારોની અંતિમ યાદી બુધવાર તા.૫/૧૨/૨૦૨૪ના નોટીસબોર્ડ ઉપર લગાડવામાં આવશે**

**૮) તા.૨૨ ડિસેમ્બર ૨૦૨૪ રવિવારના મતદાન રહેશે, સમય : સવારના ૯ (નવ) થી સાંજના ૫ (પાંચ) વાગ્યા સુધી**

**૯) મતદાન કરવાના મથકોઃ મસ્જીદબંદર, માંટુગા, ઘાટકોપર, ભાડૂંપ, મુલુંડ, ડોંબીવલી(પુર્વ), ડોંબીવલી( પશ્ચિમ), ગોરેગામ.**

**૧૦) મહાજનશ્રીના સભ્યો : જેમણે શુક્રવાર તા ૨૨/૧૧/૨૪ સુધી ૧૮ વર્ષ પુર્ણ કર્યા હશે તેઓને મતદાન કરવાનો અધિકાર રહેશે.**

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

**ચેતન મેઘજી મોતા**

**સૌ. રાજુલ ભદ્રેશ પટેલ (મોમાયા)**

**માનદ મંત્રીશ્રીઓ**

# પુષ્પાંજલિ

## અમારા વડીલ બાબુ કાકાને



જન્મ
૧૫/૦૬૦/૧૯૪૧

અરિહંત શરણ
૦૪/૧૧/૨૦૨૪

# સ્વ.માણેકજી મેઘજી લોડાયા

(ગામ કચ્છ-સાંધવ, હાલે મુલુંડ)

સ્નેહના સાગર સમું હૃદય હતું જેનું વિશાળ
મન શાંત સરળ મુખ પર સ્મિત તણો શણગાર
સ્નેહી, સ્વજન, સંગી-સાથીઓ જોડે મધ મીઠો વ્યવહાર
નાના મોટા સહુને આપ્યો આત્મીય આદર ને આવકાર
કોઠા સૂઝ, અંતર ઊંડી દૂરંદેશી વ્યક્તિગત યાદગાર
અમ હૈયે આપની સ્મૃતિઓ રહેશે સદાકાળ

-: શ્રદ્ધાસુમન :-

મિલન ધરમશી
ચેતન પીર

સંદીપ શાહ
વિપુલ પટેલ

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



# સ્વ.માણેકજી મેઘજી લોડાયા

(ગામ કચ્છ-સાંધવ, હાલે મુલુંડ)

**જન્મ : તા.૧૫-૦૬-૧૯૪૧**

**સ્વર્ગવાસ : તા.૦૪-૧૧-૨૦૨૪**


**આંખમાં છે ભરતીને હૃદયમાં ઓટ આજ અમને પડી છે અખૂટ તમારી ખોટ**
**તમારા આદરણીય ગુણો, વાત્સલ્યતા અને વ્યવહારિક વિચારો**
**અમે ક્યારેય વિસરશું નહીં તમારી યાદ અમારા હૈયે સદૈવ મહેકતી રહેશે**

**શ્રદ્ધાસુમન**

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ કચ્છ

શામજીભાઈ દંડ
ચાંપશીભાઈ લોડાયા
ગોવિંદજી પટેલ
પ્રવીણ મોતા
વિરચંદ ખોના
સંદીપ શાહ
વિપુલ પટેલ

# હૃદયાંજલિ



## સ્વ.માણેકજી મેઘજી લોડાયા

(ગામ કચ્છ–સાંધવ, હાલે મુલુંડ)

**જન્મ : તા.૧૫-૦૬-૧૯૪૧**  **સ્વર્ગવાસ : તા.૦૪-૧૧-૨૦૨૪**

*આપ ગુણોના ઉધાન હતા ને સમર્પણની સુવાસ, આપની છાયા વડલા સમીને કાર્ય નદી સમાન,*
*અમી ભરેલી આંખ હતી, હૈયે હતા હેતના ધોધ, સુંદર જીવન જીવી ગયા, આપ્યો સત્કર્મોનો બોધ*

*દયા, પ્રેમ, કરૂણા, સરળ અને પરોપકારી સ્વભાવ આપનો જીવન મંત્ર હતો*
*મરણ કરતાં સ્મરણ બળવાન છે, તમારી સ્મૃતિના છોડને અમો કાયમ લીલોછમ રાખીશું*

**શોકાતુર**

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

**જયેશ જૈન (ફાઉન્ડર ચેરમેન)**
**ગોવિંદજી લોડાયા (ફાઉન્ડર વાઈસ ચેરમેન)**
**પ્રવીણ લોડાયા (ફાઉન્ડર વાઈસ ચેરમેન)**
**વિપુલ પટેલ (પ્રમુખ)**
**વિરેન્દ્ર લોડાયા (ઉપપ્રમુખ)**

# શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ, ગાંધીધામ દ્વારા સાર્થક બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ




ગાંધીધામ તા. ૧૨ અને ૧૩ ઓક્ટોબર : શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન યુવક મંડળ, ગાંધીધામ દ્વારા બૃહદ ગાંધીધામ કેડીઓ સમાજના યુવાનો, બાળકો અને મહિલાઓ માટે ૨ દિવસીય સાર્થક બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન ''ગજવાણી રમતગમત સંકુલ'' આદિપુર મધ્યે કરવા આવેલ હતું.

ટૂર્નામેન્ટની શરૂઆત નવકાર મહામંત્ર બાદ ૬ પુરુષની ટીમો અને ૪ બાળકો અને મહિલાઓની સંયુક્ત ટીમો વચ્ચે જોરદાર રસાકસી બાદ પુરૂષોની ટીમમાં ફાઇનલમાં લોડાયા બ્રધર્સ વિજેતા થઇ હતી અને લોડાયા લાયન્સ રનર્સ-અપ થયેલ. તે પ્રમાણે બાળકો અને મહિલાઓમાં જી એન્ડ વી ફાઈટર્સ વિજેતા અને શિવમ લોજિસ્ટિક રનર્સ-અપ થયેલ.

આ કાર્યક્રમને સુંદર રીતે પાર પાડવા માટે ટ્રોફીના દાતા તરીકે રજત લોજીસ્ટીક્સ, ટી-શર્ટના સ્પોન્સર તરીકે લોડાયા લાયન્સ હસ્તે કેતન લોડાયા અને નવ્યમ લોડાયા મુખ્ય દાતાઓ સહીત અન્ય નાના-મોટા દાતાઓએ પણ યથાયોગ્ય સાથ આપેલ હતો. આ ટુર્નામેન્ટમાં ગાંધીધામ મહાજન પ્રમુખ લહેરચંદભાઈ ખોના, કચ્છ એકમ પ્રમુખ મહેશભાઈ લાલકા, મહિલા મંડળ પ્રમુખ મીનાબેન લાલકા વગેરે મહાનુભવોએ હાજરી આપી હતી.











# શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ, ગાંધીધામ દ્વારા સાર્થક બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ


















ટુર્નામેન્ટમાં પુરૂષોની ટીમમા મેન ઓફ ધી સિરીઝ નીરવ દંડ, બેસ્ટ બેટ્સમેન કુણાલ લોડાયા, બેસ્ટ બોલર જય મોમાયા એ એવોર્ડ મેળવેલ હતો તે જ રીતે બાળકો અને મહિલાઓની ટીમોમા મેન ઓફ ધી સિરીઝ જૈનમ દંડ, બેસ્ટ બેટ્સમેન દિવ્ય મોમાયા, બેસ્ટ બોલર નિશા ધરમશી એ એવોર્ડ મેળવેલ હતો. ભાગ લીધેલ બધી ટીમોને સ્મુર્તિચિહ્નન મંડળ દ્વારા આપવામાં આવેલ. મંડળ પ્રમુખ હિતેન છેડા એ સૌ ને આવકાર્યા હતા અને મંત્રીશ્રી અનિષ લોડાયા એ આભાર માન્યો હતો. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે સાર્થક મંડળના રાહુલ લોડાયા, મિકીર ખોના, વિરાજ મૈશેરી, પિયુષ લોડાયા, કુણાલ લોડાયા, અમિત નાગડા તથા મંડળના અન્ય સભ્યોએ જહેમત ઉઠાવી હતી.




JITO
CENTER FOR EXCELLENCE
Heartiest Congratulations
LEADING WITH VISION
Introducing
DIRECTOR IN CHARGE
JITO Center for Excellence
Apex 2024-26
ADV. MINAL KHONA
(Navi Mumbai)
हर कदम प्रगति की ओर : SKILL4SUCCESS

# ચતુર્થ પુણ્યતિથિએ સમરીએ તમારી પ્રેમરૂપી મહેક

સંસારીપક્ષે પ.પૂ.સા.શ્રી **વિમલયશાશ્રીજી** મ.સા. ના પૌત્ર
માતુશ્રી મણીબાઈ વર્ધમાન શામજી ખોનાના **સુપુત્ર**

## વ્યક્તિ એક પણ વિશેષતાઓ અનેક



# શ્રેષ્ઠીવર્યશ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના

**ગામ : સુજાપુર । હાલે : પવઈ**

**દેહ પરિવર્તન : શુક્રવાર, તા. ૬-૧૧-૨૦૨૦**

## યાદોના સંભારણાનું સરોવર

વડીલ સ્વરૂપે અમે સર્જનહારને જોયા છે...
અતીતમાં તકલીફો ચારે બાજુ હતી પણ હિંમત હાર્યા વગર
એકલા હાથે લડતા જોયા છે
**એવા સિંહગર્જના ધરાવનાર**
અમારા હૃદયમાં સદા વસનારા સદ્‌ગતશ્રીનો આત્મા
જ્યાં પણ હોય શીઘ્ર મોક્ષ ગામી પદ સુખ શાંતિને સદ્‌ગતિ પામે તેવી
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

**જીવનસંગીની નયના લેરીન ખોના**
**હ. વૃષભ, નિકીતા, જયમન**
**અનમોલ પરિવાર (સુજાપુર-પવઈ)**

anmol COLLECTION
ART & FRAMES
Anmol Balaji Broking
Estate and Investment Consultant
BINITA S. MARU - 9869034162

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી નવેમ્બર- ડીસેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન-વારાપધર સ્થાને. |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | મુંબઈ મહાજન આયોજિત સગપણ સેતુ અભિયાન |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત રકત દાન કેમ્પ : સવારે ૯.00 ક. થી સાંજે ૫.00 ક. સુધી. કેન્દ્રો-ઘાટકોપર, મુલુંડ તથા ડોમ્બીવલી. |
| તા. ૧૧ થી ૧૫ નવેમ્બર ૨૦૨૪ | સુથરીમાં બિરાજમાન ધરમશી કુળના કુળદેવી શ્રી અંબે મા ના મંદિર રજત જયંતી મહોત્સવ. |
| તા.૧૪ નવેમ્બર ૨૦૨૪ | શ્રી ભલારા દાદા દેવસ્થાન, સુથરી (નાકા બહારનું સ્થાન) : ૨૮મી સાલગીરાએ નુતન ધ્વજારોહણ દંડ પ્રતિષ્ઠા (સવારે ૬.૩૦ ક.) સહ ધ્વજારોહણ: સવારે ૮.00 ક. થી. |
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌવાસીઓનું સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજી ના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા.૧૬ નવેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇની અસાધારણ સભા સાંજના ૬.00 ક. થી, શ્રી અનંતનાથજી દેરાસર, મુંબઈ |
| તા.૨૦ થી ૨૪ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ-ડીગ્રસની દિક્ષા તથા પ.પૂ. સાધ્વી શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની ૧૦૦ મી ઓળીના પારણા નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ આયોજક શ્રી મુંબઈ મહાજન, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ.જૈન સંઘ-ભાડુંપઃ ભાંડુપ માં |
| તા.૨૨ નવેમ્બર ૨૦૨૪ | શ્રી મુંબઈ મહાજનની ચુંટણી માટે ઉમેદવારી પત્રક ભરવાનું આખરી દિવસ. |
| તા. ૨૪.૧૧.૨૦૨૪ | સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબા માતાની ૨૯મી સમુહ પહેડી. સવારના ૯.૧૫ ક. થી : સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડિસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા- ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીશગામ. |
| તા. ૧૦ ડિસેમ્બ ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ | શ્રી મુંબઈ મહાજનની ચુંટણી વિવિધ મતદાન કેન્દ્રો પર. |
| તા. ૧૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાંજે વતન કચ્છ પ્રવાસ |

# ભાટાપરાના શ્રીમતી પ્રીતિ યશવંત શાહ રંગોળી એક્ષ્પર્ટ છે જેમની કલાને અનેક એવોર્ડ મળ્યા છે




છેલ્લા સતર વર્ષથી છત્તીસગઢ રાજ્યના ભાટાપરામાં રંગોળી બનાવે છે. વ્યવસાયિક તરીકે તેઓ સરકારી એચ.એસ.એસ.દેવરીમાં એકાઉન્ટ વિષયના લેક્ચરર છે. પણ શોખથી રંગોળી કલાના એક્ષ્પર્ટ છે. રંગોળી સર્જન માટે તેમને ઘણા એવોર્ડથી સન્માનિત થયા છે. તેઓ દેશના નેતાઓ, વિશિષ્ટ વ્યક્તિઓને રંગોળીમાં ઢાબે છે એ જોઈને સૌ દંગ બનીને નિહાળે છે. જે એમની સર્જન કલાની ખાસિયત છે. અત્રે એ નમૂના સંલગ્ન છે. જાતે જ જોઈ લો.

---


KDO

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

### માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

### સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA